**" પ્રવેશ પરીક્ષા (મોડેલ સ્કુલ અને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય-કે.જી.બી.વી.) "- ૨૦૨૦-૨૧ જાહેરનામું**

**જાહેરનામું ક્રમાંક:એસ.એસ.એ./મોડેલ સ્કુલ/૨૦૨૦-૨૧/**૧૨૯૭૬ - ૧૩૦૧૯ તારીખ- ૨૦/૪/૨૦૨

રાજ્યના ૨૩ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૪-૧૫થી શૈક્ષણિક રીતે પછાત તાલુકાઓમાં મોડેલ સ્કૂલો, મોડેલ ડે સ્કુલો કાર્યરત છે . આ યોજના હેઠળ ધોરણ-૦૬ થી ૧૨ માં વિધાર્થીઓ અભ્યાસ કરે છે. ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા શરુ કરાયેલ ૧૩ સર્વોત્તમ કેજીબીવી જે વર્ષ ૨૦૧૯-૨૦ થી શરુ થયેલ છે જેમાં પ્રતિભાશાળી કન્યાઓનું નામાંકન કરવામાં આવે છે. આ ૮૪ મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ અને ૧૩ કેજીબીવીને સ્કુલ ઓફ એક્શેલન્સ તરીકે વિકસાવામાં આવી રહ્યા છે.જેમાં પ્રતિભાશાળી બાળકોના પ્રવેશ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા "કોમન એન્ટ્રન્સ ટેસ્ટ"નું આયોજન કરવામાં આવેલ છે.

કોમન એન્ટ્રન્સ ટેસ્ટનો કાર્યક્રમ:

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | તા. ૨૭/૦૪/૨૦૨૦ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા. ૨૮/૦૪/૨૦૨૦ના બપોર ૧૫:૦૦ કલાકેથી તા.૧૨/૦૫/૨૦૨૦ ના ૨૩:૫૯ કલાક સુધી |
| ૩ | પરીક્ષાની તારીખ | નક્કી થયેથી www.sebexam.org વેબસાઇટ પર જણાવવામાં આવશે |

**આ કસોટી માટેની હોલ ટીકીટ (પ્રવેશપત્ર) ડાઉનલોડ કરવાની તારીખો અને કસોટીની તારીખ અંગે www.sebexam.org વેબસાઇટ પર ઓનલાઈન જાણ કરવામાં આવશે.**

- વિદ્યાર્થીની લાયકાત:
  - જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં ધોરણ - ૫, ૬, ૭ અને ૮ માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા),ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તથા ખાનગી સંસ્થામાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ "કોમન એન્ટ્રન્સ ટેસ્ટ" આપી શકશે.
- પરીક્ષા ફી:
  - કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે ફી ભરવાની થતી નથી.
- કસોટીનું માળખું:
  - આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question-MCQ Based) રહેશે.
  - આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી. પ્રશ્નોપત્રનો અભ્યાસક્રમ જે તે આગળના ધોરણનો અભ્યાસક્રમ પાઠ્યપુસ્તક આધારિત રહેશે.(એટલે કે ધોરણ ૬ની પ્રવેશ પરીક્ષા માટે ધોરણ – ૫નો અભ્યાસક્રમ)

❖ કસોટી/પરીક્ષા કેન્દ્ર:

- કસોટી/પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકુળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની રહેશે.
- પરીક્ષાકેન્દ્રની વિગત બાળકને હોલ ટીકીટમાંથી મળશે.

❖ **પ્રશ્નપત્રના માધ્યમ:**

- ગુજરાતી માધ્યમના પ્રશ્નપત્રો મળશે.

❖ ઓનલાઈન અરજી કરવાની રીત:

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે.ઉમેદવાર તા. ૨૮/૦૪/૨૦૨૦ના બપોર ૧૫:૦૦ કલાકેથી તા.૧૨/૦૫/૨૦૨૦ ના ૨૩:૫૯ કલાક સુધી દરમિયાન **www.sebexam.org**પર અરજીપત્રક ભરી શકાશે.

- હાલની કોરોના વાયરસને લીધે ઊભી થયેલી લોકડાઉનની પરિસ્થિતિમાં ફોર્મ ભરવુ શક્ય ના બને તો લોકડાઉનની અવધિ પૂર્ણ થયા બાદ પણ ફોર્મ ભરી શકાશે.
- ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના પ્રક્રિયા અનુસરવાની રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **www.sebexam.org** પર જવું.
- "Apply online" ઉપર Clickકરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે.
- ત્યારબાદ શાળામાં આ પરીક્ષા આપવા માગતા વિદ્યાર્થીની વ્યક્તિગત માહિતી ભરવાની રહેશે.આ માટે વિદ્યાર્થીના યુનિક આઇડી નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.
- મોડેલ સ્કુલ ના બાળકોને તથા કેજીબીવી માત્ર દિકરીઓ માટે ઓછામાં ઓછા પાંચ(૦૫) વિકલ્પ આપેલ છે કે તેમની જે તે શાળામાં પ્રવેશ લેવા માંગે છે.
- એક કરતા વધુ ફોમ ભરેલા હશે ત્યારે બાળકનું છેલ્લું ફોર્મ માન્ય ગણાશે.
- **જો વિદ્યાર્થી પાસે Student U-DISE Number ન હોય તો આવા વિદ્યાર્થીએ હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રી પાસે મેળવવાનો રહેશે.**
- **જો ફોર્મ ભરતી વખતે કોઈપણ વિદ્યાર્થી નામ, અટકમાં કોઇ ભૂલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા વિદ્યાર્થીનું નામ ના દેખાય તો વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૪૮ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.**
- **આવેદન પત્ર ભરવાના છેલ્લા દિવસમાં આધાર ડાયસની કોઈપણ ભૂલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં નહીં આવે આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઈ અધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે.સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.**

- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં Application Number Generate થશે. જે સાચવીને રાખવાનો રહેશે.
- હવે Confirm Application પર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit અને Confirm પર Click કરો. અરજી Confirm થયા બાદ Confirm no જનરેટ થશે. જે સાચવીને તમારી પાસે save કરવાનો રહેશે.
- ત્યાર બાદ Print Application From સાથે e-receipt જનરેટ થઇ જશે. જેની સાથે print લેવાની રહેશે.

❖ મોડેલ સ્કુલ અને મોડેલ ડે સ્કુલ અને કેજીબીવીના આચાર્યએ કરવાની થતી કાર્યવાહી:

મોડેલ સ્કુલ અને મોડેલ ડે સ્કુલ અને કેજીબીવીના આચાર્યએ પોતાની શાળામાં અગાઉ આવેલ ઓફલાઈન આવેદનપત્ર ની એન્ટ્રી કરવાની રહેશે.

❖ અગત્યની સુચના

1. હાલ કેજીબીવી, મોડેલ સ્કુલ અને મોડેલ ડે સ્કુલમાં ભણતા બાળકો પ્રવેશ પરીક્ષા માટે અરજી કરવાની થતી નથી.
2. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
3. ઓનલાઈન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્યપરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જ જવાબદાર રહેશે.
4. આ કસોટી માટે રાજ્ય પરીક્ષાબોર્ડ. ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઈન ભરવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા લેશે.
5. ધોરણ- ૫ થી ૮ બાળકોના ફોર્મ મોડેલ સ્કુલની શાળામાં, બી.આર.સી.ભવન અને સી.આર.સી. ભવનમાં તથા જે – તે બાળકની શાળામાંથી પણ તદ્દન મફતમાં ભરવામાં આવશે.
6. તમામ બાળકોની પસંદગી મેરીટ મુજબ થશે.
7. ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઈન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢવા માટે મોડેલ સ્કુલના આચાર્યને કેહવાનું રહેશે. તે શાળાના આચાર્યશ્રીએ તે શાળામાં ભણતા વિદ્યાર્થીઓએ પોતાની શાળાના આચાર્યશ્રીના સહી સિક્કા કરી આપી પ્રમાણપત્ર પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો પોતાની પાસે રાખવા રહેશે.
8. ઉમેદવારે હોલટીકીટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સુચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. હોલટીકીટ સાથે પરીક્ષા વખતે આપવામાં આવતી OMR શીટનો નમુનો પણ વેબસાઈટ પર મુકવામાં આવશે. આ OMR શીટના નમુના પર છાપેલ તમામ સૂચનોને વિગતવાર અભ્યાસ કરવો ખુબ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઉભી ન થાય.

9. રાજ્યપરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ કસોટી બબાતે ઉમેદવારને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈ પણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

10. ઉક્ત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે સમય દરમિયાન જે તે જિલ્લાની સમગ્ર શિક્ષાની કચેરીનો સમ્પર્ક કરી શકાશે.

સ્થળ:- ગાંધીનગર
તારીખ:૧૬/૦૪/૨૦૨૦

(પી.ભારતી)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

➢ <u>નકલ રવાના અમલાર્થે</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- અધ્યક્ષશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.આર.ટી., ગાંધીનગર
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- આચાર્યશ્રી, તમામ મોડેલ સ્કુલ, ૧૨ મોડેલ ડે સ્કૂલોને અને ૧૩ કેજીબીવી (જીલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે) જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

➢ <u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>

- માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર